<u>ફોજદારી પરચુરત (મુદ્દામાલ) અરજી નં. ૧૭૫/૨૦૨૬</u>

<u>અરજદાર ભૌતિક ઉર્ફે લાંબો શૈલેષભાઈ પ્રજાપતિની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ :–</u>

(૧) અરજદારે હાલની આ અરજી વિજોલપોર પો.સ્ટે. પાર્ટ. એ ગુ.ર.નં. ૧૧ ૮૨૨૦૨૨૨૬૦૦૭૦/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧(૨)(એ), ૩(૫) મુજબના ગુનામાં કબજે કરેલ મુદ્દામાલ **AUDI AG કંપનીની Q5 QUAT TDI 2.0** જેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. GJ-21-AH-6271, જેનો એન્જીન નં. **CMG015991** તથા ચેસીસ નં. **WAUZHD8R8 EY700106** ની પરત મેળવવા માટે દાખલ કરેલ છે. સદર અરજીના અરજદાર જણાવે છે કે, સદર મુદ્દામાલ તેમની માલિકીનો છે તેમજ વધુ સમય પોલિસ સ્ટેશનમાં પડી રહે તો તે વાહનને નુકશાન થાય તેમ છે, તેથી નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધીન રહી ભારતીય નાગરિક સુરક્ષાની કલમ–૪૯૭ મુજબ વચગાળાનો સદર મુદ્દામાલ વાહનનો કબજો સોંપવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદારે અરજી સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આધાર કાર્ડની નકલ, વાહનની આર.સી.બુકની નકલ, એફ.આઇ.આર.ની નકલ રજુ રાખેલ છે, જે તમામ ધ્યાને તથા લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા, હાલની અરજી તથા કેસનુ રેકર્ડ તથા એફ.આઇ.આર.ની વિગતો વંચાણે લીધી. હવે, આ કામે અરજદારે પોતાની હાલની અરજીના સમર્થનમાં આર.સી.બુકની નકલ રજૂ કરેલ છે. જે ધ્યાને લેતા મુદ્દામાલ વાહન **AUDI AG કંપનીની Q5 QUAT TDI 2.0 જેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. GJ-21-AH-**

**6271, જેનો એન્જીન નં. CMG015991 તથા ચેસીસ નં. WAUZHD8R8EY700106** છે તેની આર.સી. બુક વંચાણે લેતા સદર વાહન હાલના અરજદારના નામે નોંધાયેલ હોવાનુ ફલિત થાય છે. આમ, આ કામના અરજદાર હાલની અરજીમાં માંગણી કરેલ મુદ્દામાલ વાહનના આર.ટી.ઓ.માં નોંધાયેલ માલિક છે. વિશેષમાં, સદર વાહનની કસ્ટડી મેળવવા આજદિન સુધી અન્ય કોઈ વ્યક્તિ દ્ધારા ક્લેઈમ કરવામાં આવેલ નથી. જે તમામ બાબત ધ્યાને લેતા હાલના અરજદારને સદર મુદ્દામાલ વાહન વચગાળાની કસ્ટડીએ મેળવવા અધિકાર પહોંચતો હોવાનુ માનવાને કારણ બને છે. વધુમાં, વિ.એપીપીશ્રીએ આરોપી ધ્વારા મુદ્દામાલ ફરીથી આવા ગુનામાં ઉપયોગ થવાની સંભાવના વ્યકત કરેલ છે, તે અંગે આખરી હુકમમાં જરૂરી, યોગ્ય અને પુરતી શરતો લાદી શકાય છે. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતા તેમજ **<u>નામદાર સુપ્રિમ કોર્ટ, ૨૦૦૩(૧) જી.એલ.એચ. ૩૦૭, સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u>**ના ચુકાદાને ધ્યાને લેતાં તેમજ કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, જો મુદામાલ વાહન વધુ સમય વણવપરાયેલ સ્થિતિમાં પોલિસ સ્ટેશનમાં રાખી મુકવામાં આવે તો વાહનના એન્જિન, ટાયર, ટયુબ, સ્પેરપાર્ટસ વિગેરેને નુકશાન થાય તેમ છે તેવા સંજોગોમાં કેસ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધીન અરજદારને સદરહું મુદામાલનું વાહન વચગાળાની કસ્ટડીએ પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) અરજદાર-**<u>ભૌતિક ઉર્ફે લાંબો શૈલેષભાઈ પ્રજાપતિ</u>**ની હાલની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) વિજોલપોર પો.સ્ટે. પાર્ટ. એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૨૨૨૬૦૦૭૦/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૩૫૧ (૩), ૩૫૨, ૬૧(૨)(એ), ૩(૫) મુજબના ગુનામાં કબજે કરેલ મુદ્દામાલ **AUDI AG કંપનીની Q5 QUAT TDI 2.0 જેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. GJ-21-AH-6271, જેનો એન્જીન નં. CMG015991 તથા ચેસીસ નં. WAUZHD8R8EY700106** (એન્જીન નંબર તથા ચેસીસ નંબરની ખરાઈ કર્યા બાદ) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આ કામના અરજદારે રજુ કર્યેથી, સદર કેસના આખરી નિકાલ થતાં સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :–</u>

૧. અરજદારે સદરહું મુદામાલ વેચાણ, ગીરો, ટ્રાન્સફર કે એસાઈન કેસના આખરી નિકાલ થતાં સુધી જાતે કે અન્ય ધ્વારા કરવો કરાવવો નહિ તેમજ તેના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો કરાવવો નહિ.

૨. અરજદારે સદરહું મુદામાલનો ઉપયોગ/ઉપભોગ આવા કે બીજા અન્ય કોઈ પણ પ્રકારના ગુનાહિત કૃત્યમાં જાતે કે અન્ય ધ્વારા કરવો કરાવવો નહિ.

૩. અરજદારે સદરહું મુદામાલ અદાલત ધ્વારા અથવા ત.ક.અધિકારીશ્રી ધ્વારા જયાં અને જયારે પણ મંગાવવામાં આવે ત્યાં અને ત્યારે યથાવત સ્થિતિમાં રજુ કરવાનો રહેશે.

૪. અરજદારના ખર્ચે પોલિસે મુદામાલ વાહનના અલગ–અલગ એન્ગલથી ફોટા લઈ હાલના કેસમાં રજુ રાખવા.

૫. હુકમ અનુસાર મુદામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલિસ અધિકારીશ્રીએ અરજદારની ઓળખ અંગે યોગ્ય ખરાઈ અને ખાતરી કર્યા બાદ જ પરત સોંપવો.

- અરજદારે જામીન સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.
- આ હુકમની યાદી સંબંધિત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નવસારી.
તા. ૨૦–૦૩–૨૦૨૬

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
એડી.જ્યુડી.મેજી.ફ.ક. નવસારી
કોડ નં. જી.જે.૦૧૫૩૪